ગુજરાતનો મહાસંગ્રામ 2012

ભાજપના હળહળતા અન્યાય સામે બ્રાહ્મણોમાં ભભૂકેલો રોષ

ઉત્તર ગુજરાતના બ્રાહ્મણ અગ્રણીઓની બેઠકમાં અન્યાયનો જવાબ આપવા હાંકલ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર, મહેસાણા વચ્ચેના એક રીસોર્ટમાં ઉત્તર ગુજરાતના બ્રાહ્મણ સમાજના આગેવાનોની મળેલી બેઠકમાં રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરાઈ હતી. ચારેય જિલ્લાના વિવિધ આગેવાનો દ્વારા એવો મત વ્યક્ત કરાયો હતો કે ભારતીય જનતા પાર્ટીએ બ્રાહ્મણ આગેવાનોને ટીકીટ ફાળવણીથી લઈ તમામ ક્ષેત્રમાં અન્યાય કર્યોછે. ભાજપના અન્યાયનો જવાબ ૧૭મીના મતદાનમાં આપવો જોઈએ એવો બહુમતી અગ્રણીઓનો સુર હતો જો કે જ્યાં બ્રાહ્મણ અગ્રણીઓ ભાજપની ટીકીટ પર ચૂંટણી લડે છે તેમને મદદરૂપ પણ થવુ જોઈએ.

બેઠકમાં થયેલી ચર્ચા મુજબ સિદ્ધપુરમાં જયનારાયણ વ્યાસ, ડીસામાં રાજેશ જોશી, વેજલપુરમાં દિપક જોશી, એલિસબ્રિજમાં જાગૃતિબેન પંડ્યા, ખાડીયા-જમાલપુરમાં ભૂષણ ભટ્ટ, મણીનગરમાં શ્વેતા ભટ્ટ અને બાલાસિનોરમાં પપ્પુ પાઠકને તન-મન ધનથી વિજયી બનાવવા ત્રણ દિવસ તનતોડ મહેનત કરવી. બેઠકમાં અલગ અલગ વક્તાઓએ હરેન પંડ્યાની હત્યાથી લઈ આજ સુધી બ્રહ્મસમાજને થયેલા અન્યાયની વિગતો ચર્ચાઈ હતી. એક સમયે બ્રાહ્મણોની પાર્ટી ગણાતી ભાજપમાં આજે બ્રાહ્મણોની દશા દયાજનક બની રહી છે. સંજીવ ભટ્ટની વાત હોય કે સંજય જોશીનો મુદ્દો હોય બ્રાહ્મણોને હંમેશા અન્યાય થયો છે. ૧૯૯૫માં ભાજપના પ્રથમ મંત્રીમંડળમાં ૨૭માંથી ૫ બ્રાહ્મણ મંત્રીઓ હતા જ્યારે આજે ૨૯માંથી માત્ર એક અને તેમને પણ ટીકીટ ભાજપે નબળી બેઠક પર આપી અન્યાય કર્યો છે. વેજલપુર, લુણાવાડા, મણીનગર, ઘાટલોડિયા, એલીસબ્રિજ, પાલનપુર, હળવદ જેવી બેઠકો પર બ્રાહ્મણોના મત પ્રભાવી છે તેવી બેઠકો પર બ્રાહ્મણોને ટીકીટ ન આપી નબળી બેઠકો પર ટીકીટ આપી તે પણ અન્યાય છે. ચારે જિલ્લાઓના અગ્રણીઓએ એવો સર્વાનુમતે સુર વ્યક્ત કર્યો હતો કે જ્યાં જ્યાં બ્રાહ્મણ ઉમેદવાર નથી લડતા ત્યાં ત્યાં ભાજપને અન્યાયનો જવાબ આપવો જોઈએ. બ્રહ્મસમાજ જ્ઞાતિવાદમાં માનતો નથી પરંતુ સમાજના તમામ ભાગો, તમામ જ્ઞાતિઓ સંગઠિત થઈ રાજકીય દબાણ ઉભુ કરતા હોય તો બ્રાહ્મણોએહાથ જોડી બેસી રહેવાનો સમય નથી. સંગઠનનો અહેસાસ થશે ત્યારે જ સમાજનું મહત્વ આંકવામાં આવશે. રાજકીય વજન ત્યારે જ ઉભુ થશે.

હિંમતનગર ખાતે મોદીની જાહેર સભા યોજાઈ

વિધાનસભા ચૂંટણી નિમિત્તે ગુજરાતના ખુણે ખુણે જવાનો મને અવસર સાંપડ્યો છે. તેમ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હિંમતનગર ખાતે યોજાયેલી જાહેરસભામાં જણાવ્યું હતું. બીજા તબક્કાની ચૂંટણીને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે હિંમતનગર વૈશાલી સિનેમાના ગ્રાઉન્ડમાં આજે સાંજે જાહેર સભા યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રીએ કહ્યું કે ગુજરાતમાં ભાજપની આંધી ચાલી રહી છે અને કોંગ્રેસને જડમૂળથી ઉખાડી જશે. હું ૪ થી તારીખે હિંમતનગર ખાતે થ્રીડીના માધ્યમથી આવ્યો હતો. આજે તમારી સામે અસલ મોદી જ હાજર છે. આ વખતની ચૂંટણીમાં ભાજપનો વિજય અભુતપૂર્વ હશે તેમ જણાવ્યું હતું. મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરી જણાવ્યું કે ભ્રષ્ટાચારથી ખદબદતી કોંગ્રેસને હરાવીને ગુજરાતની પ્રજા સજા કરશે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે આપનો મત અને તાકાત મોટી છે. આપણા મતથી ગુજરાતની ગાદીનો સુકાનીનો ફેંસલો સમગ્ર જનતાએ કરવાનો છે. ગુજરાતને પ્રગતિ તરફ લઈ જવા માંગતા હોય તો ગુજરાતની સેવા કરવાની તક આપો તેમ જણાવ્યું હતું. આગામી ૧૭મી તારીખે કમળના નિશાન પર બટન દબાવી જંગી બહુમતીથી વિજય અપાવવા અનુરોધ કર્યો હતો. હિંમતનગર ખાતે યોજાયેલી સભામાં મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ આજુબાજુના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ઊંચુ મતદાન ભાજપ સામેની નફરતને પરિવર્તનનો પેગામ

સરકીક એક ખાડી છે તે વિશે મોદીને ખબર નથી : વાઘેલા

અમદાવાદ, તા. ૧૪

ઐતિહાસિક નગરી સિદ્ધપુરમાં શિયાળાની ઠંડીમાં ચૂંટણી પ્રચારનો ગરમાવો જોવા મળી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણી સમયે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષે સામસામી તલવારો ખેંચાઈ છે ત્યારે સિદ્ધપુર હાઈવે પર આવેલા હાલા સરોવરના મેદાનમાં જાહેર સભાને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ પ્રદેશ પ્રચાર સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપની સરકાર ગપ્પા મારતી સરકાર છે.

ભાજપની સરકારે સિદ્ધપુર સરસ્વતીમાં નર્મદાનું પાણી નાંખી સજીવન કરવાનું નાટક કર્યું હતું. આ સરકારની નાડ પ્રજા પારખી ગઈ છે. વારંવાર કેન્દ્રની વાતો કરીને લોકોને બીજી દિશામાં વાળવાની કોશિશ કરી રહ્યાં છે.

માણસનું મગજ બગડે ત્યારે તે શું બોલે છે તેની પણ ખબર નથી હોતી. સરકીક એક ખાડી છે તે વિષય પણ તેમને ખબર નથી. આ પ્રશ્ન ફક્ત ગુજરાતનો નથી, ભારત સરકાર તેના માટે પ્રયત્નશીલ છે. ગુજરાતની લાગણીશીલ જનતાને ભરમાવાની કોશિશ કરે છે.શંકરસિંહ વાઘેલાએ મતદારોનો આભાર માનતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રનું ઊંચુ મતદાન એ બતાવે છે કે ભાજપ સરકાર તરફની નફરત અને પરિવર્તન માટેનો આ પેગામ છે. ભાજપની સરકારને યુસુફ પઠાણના શરણે જવું પડ્યું છે. ગુજરાતમાં ભાજપની સરકારમાં પેટ્રોલ-ડિઝલ અને યુરિયા ખાતર પર ૨૬ ટકા વેટ લગાવાય છે.

જ્યારે હરિયાણામાં કોંગ્રેસની સરકાર માત્ર ૧૩ ટકા જ વેટ વસૂલે છે. વારંવાર વેટ ઘટાડવાનું કહેવા છતાં આ ભાજપની અહંકારી સરકાર અભિયાનમાં રાચતી સરકારે વેટ ઘટાડતી નથી. જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હશે તો ૩૦ દિવસમાં પેટ્રોલ-ડિઝલમાં ૫-૭ રૂપિયાનો ઘટાડો કરશે. આ ભાજપની સરકારે જે કરવું જોઈએ તે કરતી નથી અને ખોટી વાતો કરી લોકોને ભરમાવે છે.

ગુજરાત ચૂંટણી : રાહુલ ગાંધી આજે જાહેરસભાને સંબોધશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં કોંગ્રેસના કાર્યકરો અને ઉમેદવારોમાં વધુ ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધારવાના હેતુસર પક્ષના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધી આવતીકાલે ૧૫મી ડિસેમ્બરના દિવસે ગુજરાતમાં ફરી ચૂંટણી પ્રચાર કરનાર છે. પક્ષના સૂત્રોએ આજે આ મુજબની માહિતી આપી હતી. રાજ્યની રાહુલ ગાંધીની આ ત્રીજી મુલાકાત હશે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં આ પ્રથમ તબક્કામાં ગઈકાલે મતદાન યોજાયુ હતુ અને ૬૮ ટકા જેટલા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. હવે ગુજરાતના બીજા રાઉન્ડમાં સોમવારના દિવસે મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. બીજા રાઉન્ડના મતદાન બાદ ૨૦મી ડિસેમ્બરના દિવસે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તે દિવસે ગુજરાત અને હિમાચલ બંને રાજ્યોના ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવશે.

હિમાચલ પ્રદેશમાં ચોથી નવેમ્બરના દિવસે મતદાન યોજાયુ હતુ. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ રાહુલ ગાંધી કચ્છ જિલ્લાના ભુજમાં જાહેરસભાને સંબોધશે. રાહુલે અગાઉ ૧૧મી ડિસેમ્બર અને ૧૩મી ડિસેમ્બરના દિવસે રાજ્યના અન્ય ભાગોમાં જાહેર સભાને સંબોધી હતી. સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલે કહ્યુ છે કે ઉંચા મતદાનથી કોંગ્રેસને ફાયદો થશે. રાજ્યમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારની સામે આ વખતે મતદારોએ મતદાન કર્યુ છે. નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત મુખ્યમંત્રી તરીકે સત્તા પર આવવા સખત મહેનત કરી રહ્યા છે. બીજીબાજુ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ આ વખતે તમામ તાકાત કોંગ્રેસને જીત અપાવવા માટે લગાવી ચુકયા છે. જો કે સસ્પેન્સ ૨૦મી ડિસેમ્બરના દિવસે જ ખુલશે.

ભાજપ હારશે, પ્રજામત જીતશે : કેશુભાઈ પટેલ

અમદાવાદ, તા. ૧૪

ગુજરાતને પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઇ પટેલે એક નિવેદનમાં જણાવ્યું છે કે મોદી સરકારના કુશાસન સામે પ્રજાએ કચકચાવીને મતદાન કર્યું છે. છેલ્લા ૧૧ વર્ષથી જે પ્રજાવિરોધ અને અહંકારી શાસન ચાલ્યું છે. તેની સામે પ્રજામાં સુષુપ્ત જ્વાળામુખી જેવી સ્થિતિ હતી. તે જનાદેશનો જ્વાળામુખી ફાટ્યો છે. પ્રથમ ચરણના મતદાનમાં ગુજરાત પરિવર્તન પાર્ટી (જીપીપી)ને ધાર્યા કરતા પણ વધુ સારો પ્રતિસાદ મળ્યો છે. જીપીપીનો પોતાનો પોઝીટીવ મત છે. તેમાં ભાજપ લાગણી દુભાવી હતી તેથી લોકોએ લાંબી લાઇનમાં રહી પણ શાસનવિરોધી મતદાન કર્યું હતું. મુખ્યમંત્રી અને ભાજપના પ્રચાર મેનેજરો પણ હજુ પણ પ્રજાને ગુમરાહ કરવામાંથી બહાર આવતા નથી. પોતાના તરફથી મતદાન થયાનો ચીલાચાલુ દાવો કરીને ભાજપાના હતાશ કાર્યકરોનું મોરલ ઉંચુ રાખવાની કોશિષ કરે છે. પરંતુ પ્રજા ક્યારેય પોતાને સતાવનાર સરકારને પાછી લાવવા માટે લાઇનમાં ઉભી રહેતી નથી. જે લોકોની મોદી સરકારે ઉપેક્ષા કરી છે, પીડ્યા છે તેમણે તેમનો ઠંડો આક્રોશ મતદાનથી વ્યક્ત કર્યો છે. વળી આ ટ્રાઇ એંગ્યુલર ફાઇટ હતી. તેમાં ત્રીજા પક્ષ જીપીપીના પોતાના નવા મતો ઉમેરાયા છે.



રાષ્ટ્રીય ઈન્ટુક કોંગ્રેસ પક્ષને ટેકો આપશે

ગાંધીનગર, તા. ૧૪

રાષ્ટ્રીય મજદુર કોંગ્રેસ (ઈન્ટુક) ગુજરાત બ્રાન્ચે ગુજરાતની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ટેકો આપવાનું નક્કી કર્યું છે. ગુજરાતમાં ભાજપ સરકારના રાજ્યમાં કંપનીઓમાં કાયમી કામદારોની સંખ્યા ઘટાડી ૭૦ ટકા કોન્ટ્રાક્ટ કામદારો રાખવામાં આવે છે. તેઓને પુરતો પગાર તેમજ લઘુત્તમ વેતન પણ ચુકવવામાં આવતું નથી અને ગમે ત્યારે તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવે છે. તેઓને પી.એફ., ગ્રેજ્યુઈટીનો લાભ પણ મળતો નથી. સરકારમાં ફરીયાદ કરીએ તો લેબર ડીપાર્ટમેન્ટ કોઈપણ જાતનો સાથ-સહકાર આપતા નથી. કામદારોમાં શોષણનું પ્રમાણ વધી ગયું છે. કેન્દ્ર સરકારે સામાજીક સુરક્ષા, વીમો તેમજ નરેગા યોજના લઘુત્તમ વેતનમાં વધારો મજૂર કાયદામાં સુધારી કામદારોના હિતોની રક્ષા કરી છે. તો આ સંજોગોમાં આપની નૈતિક ફરજ સમજી કોંગ્રેસ પક્ષના ઉમેદવારો જ્યાં જ્યાં ઉભા હોય ત્યાં ત્યાં તેઓને ટેકો આપવા અને મત આપવા આપને ઈન્ટુકની નમ્ર અરજ છે.

ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૭૦.૭૫ ટકા મતદાન નોંધાયું

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૮૭ બેઠક માટે ગુરુવારે મતદાન યોજાયુ હતુ. ૭૦.૭૫ ટકા મતદાન થયુ હતુ. સૌથી વધુ ૮૨.૨૧ ટકા મતદાન નર્મદા જિલ્લામાં થયુ હતુ જ્યારે સૌથી ઓછુ ૬૬.૩૯ ટકા મતદાન પોરબંદર જિલ્લામાં થયુ હતુ. જિલ્લાવાર મતદાનની ટકાવારી નીચે મુજબ છે.

જિલ્લાનું નામ	પુરુષ મતદાન	મહિલા મતદાન	અન્ય મતદાન	કુલ મતદાન
અમદાવાદ	૭૦.૬૯	૬૫.૮૫	૦	૬૮.૪૧
સુરેન્દ્રનગર	૬૨.૪૬	૬૬.૭૭	૦	૬૯.૭૯
રાજકોટ	૭૩.૭૧	૬૮	૧૩.૩૩	૭૧.૦૧
જામનગર	૭૧.૬૩	૬૫.૦૧	૦	૬૮.૪૮
પોરબંદર	૬૯.૩૮	૬૩.૦૭	૩	૬૬.૩૯
જુનાગઢ	૭૧.૮૦	૬૭.૪૨	૦	૬૯.૭૧
અમરેલી	૭૦.૬૫	૬૩.૪૩	૦	૬૭.૨૧
ભાવનગર	૭૧.૬૯	૬૬.૨૭	૨૧.૪૩	૬૯.૧૧
નર્મદા	૮૨.૮૭	૮૧.૫૨	૦	૮૨.૨૧
ભરૂચ	૭૬.૨૧	૭૩.૯૧	૪૧.૬૭	૭૫.૧૧
સુરત	૭૦.૦૧	૬૯.૦૬	૨૬.૦૭	૬૯.૫૮
તાપી	૮૧.૪૭	૭૯.૪૨	૦	૮૦.૪૩
ડાંગ	૬૭.૭૦	૬૯.૮૩	૦	૬૮.૭૬
નવસારી	૭૫.૨૩	૭૫.૯૬	૩૫.૨૯	૭૫.૫૯
વલસાડ	૭૨.૮૫	૭૪.૮૧	૦	૭૩.૭૯
કુલ	૭૨.૪૧	૬૮.૯૦	૨૦.૩૪	૭૦.૭૫

જંગી મતદાન ભાજપને પ્રચંડ જીત અપાવશે : અરૂણ જેટલી

અમદાવાદ, તા. ૧૪

રાજ્યસભાના વિરોધપક્ષના નેતા અરૂણ જેટલીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રથમ તબક્કામાં થયેલા ૭૦.૭૫ ટકાનું ઐતિહાસિક મતદાન ભાજપને પ્રચંડ વિજય અપાવશે તેવો દાવો કરી જંગી મતદાન માટે મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. અને દ્વિતીય તબક્કાની ચૂંટણીમાં પણ મતદારોને આવું અભૂતપૂર્વ મતદાન કરવાની અપીલ કરી હતી. આજે પત્રકારો સાથે વાતચીત કરતા અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, અમે માનીએ છીએ કે મતદાનની ટકાવારી જેટલી ઊંચી હશે. ભાજપનો વિજય પણ એટલો જ મોટો હશે અને જીતનું માર્જીન પણ ઉંચુ હશે. મતદાનની ઊંચી ટકાવારીના તાર્કિક કારણે રજૂ કરતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના આર્થિક વિકાસે દેશ અને દુનિયા અપક્ષ નવા સીમાચિહનો સ્થાપિત કર્યા છે. ગુજરાતના મતદારોમાં આ પ્રકારે સંતોષનું પ્રમાણ ખૂબ જ ઊંચુ છે જેના લીધે ભાજપ સરકાર અને નરેન્દ્ર મોદી પ્રત્ય મતદારોમાં ખૂબ વધુ ઉત્સાહ દર્શાવ્યો છે. કોંગ્રેસ સામે ફરી આક્ષેપ કરતા તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પાસે આ ચૂંટણીમાં કોઈ મુદ્દો જ નહતો. મુદ્દો શોધવા સખત સંઘર્ષ કરી રહેલી કોંગ્રેસે મતદારોને માત્ર દીવાસ્વપ્નો જ બતાવ્યા હતા. આ ઉપર નરેન્દ્ર મોદીના કદ, ક્ષમતા અને તેમની પ્રતિભા સાથે કોંગ્રેસના મુખ્યમંત્રીપદના ઉમેદવારની સરખામણી કરશે તેવા ડરથી કોંગ્રેસે મુખ્યમંત્રીપદના ઉમેદવારની જાહેરાત કરી નહતી. જેના કારણે મતદારોએ નરેન્દ્ર મોદી ઉપર પુનઃ પસંદગી ઉતારવા ભારે મતદાન કર્યું હોય તેવું અમારું માનવું છે. કેશુભાઈ પટેલ વિશે પુછાયેલા એક પ્રશ્નના જવાબમાં અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો મતદાર પોતાનો મત બગાડતો નથી. આ પ્રકારના રાજકીય પક્ષો જીતવા માટે નહિ પરંતુ કોઈના મતો બગાડવા માટે ચૂંટણી લડી રહ્યા હોય ત્યારે મતદારો તેમને વધુ સ્વીકૃતિ આપતા નથી. આવી નકારાત્મક મતવિસ્તારને મતદારો હંમેશા જાકારો જ આપે છે.

ચૂંટણી ખર્ચને લગતી ફરિયાદ માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ચૂંટણી ખર્ચના નિમંત્રણ માટે વિવિધ ટીમોની રચના કરવામાં આવી છે. જે પૈકી સ્ટેટીક સર્વેલન્સ ટીમ સંબંધીત પોલીસમથકોમાં પણ હાજર છે. જેથી ચૂંટણી ખર્ચને લગતી કોઈપણ ફરીયાદ જણાય તો સંબંધીત પોલીસ સ્ટેશનના લેન્ડલાઈન નંબર પર અથવા જિલ્લા કલેક્ટર કચેરીએ શરૂ કરવામાં આવેલી હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૦૩૧ અથવા ૦૭૯-૨૩૨-૫૧૨૪૩, ૫૧૨૪૫ તથા ૫૧૨૪૬ પર જાણ કરી શકાશે.

૩૪-દહેગામ વિધાનસભા મત વિસ્તારની ખર્ચને લગતી ફરીયાદ દહેગામ પોલીસ સ્ટેશનના ફોન નં.- ૨૭૧૬-૨૩૨૬૩૨ પર કરી શકાશે. ૩૫-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મત વિસ્તારની ખર્ચને લગતી ફરિયાદ સે. ૨૧ પોલીસ મથકના ફોન નં. ૦૭૯-૨૩૨-૨૧૦૨૧, સે. ૭ પોલીસમથક ફોન નંબર - ૦૭૯-૨૩૨-૨૦૮૩૭ અને પેથાપુર પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૭૯-૨૩૨-૧૫૨૩૫ પર નોંધાવી શકાશે. ૩૬-ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતવિસ્તારની ખર્ચને લગતી ફરીયાદ અડાલજ પોલીસમથક ફોન નં. ૦૭૯-૨૩૯૭૧૩૩૫, ડભોડા-૦૭૯-૨૩૯૫૫૫૪૨ અને ચિલોડા-૦૭૯-૨૩૨-૭૩૬૦૦ પર કરી શકાશે. તેમજ ૩૭-માણસા વિધાનસભા મત વિસ્તારની ખર્ચને લગતી ફરીયાદ માણસા પોલીસ મથક ફોન નં. ૦૨૭૬૩-૨૭૦૪૦૧ પર કરી શકાશે. અને ૩૮-કલોલ વિધાનસભા મતવિસ્તારની ખર્ચને લગતી ફરીયાદ કલોલ શહેર પોલીસમથક નં.- ૦૨૭૬૪-૨૨૩૩૯૨ અને કલોલ ગ્રામ્ય પોલીસ મથક નં.- ૦૨૭૬૪-૨૨૭૦૨૨ પર પણ કરી શકાશે.